ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

આસપાસ સોપાન

પ્રાચીન પરંપરાઓ અને આધુનિક શિક્ષણના પાયા પર અડીખમ ઊભેલું ગામ

પીપળી

ધર્મ સંસ્કૃતિ અને વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના સુમેળભર્યા સહઅસ્તિત્વનું જીવંત ઉદાહરણ બોરસદનુ પીપળી ગામ

ચરોતરની ધરતી પર અનેક એવા ગામડાઓ આવેલા છે જેનો ઈતિહાસ શૌર્ય, સંસ્કાર અને સમરસતાથી ભરેલો છે. આવું જ એક ઐતિહાસિક મહત્વ ધરાવતું ગામ એટલે બોરસદ તાલુકાનુ પીપળી. આણંદ જીલ્લા મથકથી 38 કિલોમીટર અને તાલુકા મથક બોરસદથી 16 કિલોમીટર જેટલા અંતરે આવેલું ગામ ચાર સદીઓ જૂનો ઈતિહાસ ધરાવતું ગામ ગણાય છે. આ ગામ આજે પણ પોતાની પ્રાચીન પરંપરાઓ અને આધુનિક શિક્ષણના પાયા પર અડીખમ ઊભું છે.ગામનું નામકરણ અને સ્થાપના અંગે લોકવાયકા મુજબ આશરે 400 વર્ષ પહેલાં પીપાભાઈ નામના એક સાહસિક વ્યક્તિએ આ અવાવરૂ જગ્યાને રહેવાલાયક બનાવી હતી. તેમણે અહીં વસવાટની શરૂઆત કરી અને તેમના નામ પરથી જ આ વસાહત કાળક્રમે 'પીપળી' તરીકે ઓળખાવા લાગી. એક વ્યક્તિના પુરુષાર્થમાંથી સર્જન પામેલું પીપળી ગામ આજે એક વિશાળ અને હર્યુંભર્યું બની ગયું છે.

લોકવાયકા મુજબ આશરે 400 વર્ષ પહેલાં પીપાભાઈ નામના વ્યક્તિએ વસવાટની શરૂઆત કરી અને તેમના નામ પરથી જ કાળક્રમે 'પીપળી' ગામની ઓળખ બની

પીપળી ગામની સૌથી મોટી વિશેષતા તેની સામાજિક સંરચના છે. ઈતિહાસ સંદર્ભે ગ્રામજનોએ જણાવ્યું છે કે સૌ પ્રથમ બારોટ, ડોડીયા, મલેક અને બ્રાહ્મણ પરિવારોએ ગામમાં વસવાટ કર્યો હતો. સમય જતાં ગામની સમૃદ્ધિ અને શાંતિ જોઈને અન્ય વિસ્તારોમાંથી પટેલ, રજપૂત, સૈયદ અને પઠાણ પરિવારો અહીં આવીને વસ્યા છે આમ પીપળી ગામ માત્ર એક ભૌગોલિક વિસ્તાર નથી, પણ હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિ અને વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના સુમેળભર્યા સહઅસ્તિત્વનું જીવંત ઉદાહરણ છે.

આઝાદી પૂર્વે જ્યારે ભારત રજવાડાઓમાં વહેંચાયેલું હતું, ત્યારે પીપળી ગામ વડોદરાના ગાયકવાડ શાસન હેઠળ હતું. સયાજીરાવ ગાયકવાડના દુરંદેશી વહીવટની અસર અહીં સ્પષ્ટપણે જોવા મળી હતી. તે સમયે જ ગામમાં પાયાની સુવિધાઓ જેવી કે શિક્ષણ માટે પ્રાથમિક શાળા, લોકોમાં વૈચારિક ક્રાંતિ લાવવા માટે પુસ્તકાલય, ધર્મશાળા અને ગ્રામીણ ન્યાય તથા વહીવટ માટે 'ચોરા'ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગાયકવાડી શાસનમાં યોગ્ય વહીવટ અને પુરુષાર્થથી વર્તમાન કાળમાં પીપળી એક આદર્શ ગામ બન્યું છે. ભલે સમય બદલાયો હોય, પણ ગામની માટીમાં આજે પણ એ જ ભાઈચારો અને ઐતિહાસિક ગૌરવ મહેકે છે.

પીપળી ગામે 2.75 કરોડની સખાવતથી નિર્મિત શૈક્ષણિક સંકુલે માત્ર બાળકોને જ નહીં, પરંતુ સમગ્ર ગામને નવી ઓળખ આપી

પીપળી ગામમાં અદ્યતન શૈક્ષણિક સંસ્થાઓ સર્જન કરવા માટે નિમિત બનેલ શારદાબેન અને તેમના સગા બહેન તારાબેનના સંતાનોએ પોતાના મોસાળમાં સખાવતનુ ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે, શારદાબેનના પુત્ર પ્રતાપભાઈ પટેલ અને તારાબેનના પુત્ર પ્રવીણભાઈ પટેલે શિક્ષણ ઋણને સમજ્યું. બંને ભાઈઓનું પીપળી ગામ સાથે કોઈ વ્યાવસાયિક કે આર્થિક લેવાદેવા નહોતું. કોઈ જમીન, કોઈ ધંધો, કોઈ રાજકીય સ્વાર્થ નહીં. છતાં પણ આ ગામ તેમના જીવનના મૂળમાં હતું, કારણ કે અહીં તેમની માતાઓએ અક્ષરજ્ઞાન મેળવ્યું હતું. 2.75 કરોડ રૂપિયાના ખર્ચે બનેલી અદ્યતન પ્રાથમિક શાળામાં મજબૂત માળખું, આધુનિક ડિઝાઇન અને એવી રચના છે કે જે પાંચ પેઢી સુધી અડીખમ ઊભી રહી શકે.આ શાળા આજે માત્ર ભણતરનું કેન્દ્ર નથી, પરંતુ બાળકો માટે સુરક્ષિત અને વિશ્વાસપાત્ર જગ્યા બની છે. સ્માર્ટ ક્લાસરૂમ, સમગ્ર કેમ્પસમાં CCTV, રેડિયો રિસીવર્સ જેવી આધુનિક સુવિધાઓએ શિક્ષણને સમય સાથે જોડ્યું છે. પરંતુ આ શાળાની સૌથી મોટી ઉપલબ્ધિ ટેક્નોલોજી નથી. તેની સૌથી મોટી ઉપલબ્ધિ એ છે કે તેણે પીપળી ગામ વિશે લોકોની દૃષ્ટિ બદલી છે.

આજે પીપળી ગામમાં અઢારેય કોમો સાથે મળીને રહે છે. ભૂતકાળના મનદુ:ખોને ભૂલીને, એકબીજાની લાગણીઓ સમજવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ બધું એક જ સંદેશ આપે છે. જ્યારે શિક્ષણ સાચા હેતુ સાથે આવે છે, ત્યારે તે માત્ર બાળકને નહીં, પરંતુ સમાજને બદલે છે. એક શાળા આખા ગામની ઓળખ બદલી શકે છે. એક સખાવત વર્ષો જૂના દાગ ધોઈ શકે છે.

શારદાબેન અને તારાબેન પ્રાથમિક શાળા એ સાબિત કરે છે કે શિક્ષણ માનવીય મૂલ્યોને પુનર્જીવિત કરે છે.આજના સમયમાં, જ્યારે સમાજમાં તણાવ, ભેદભાવ અને વિભાજન વધતું જાય છે, ત્યારે પીપળી ગામનુ શૈક્ષણિક સંકુલ આશાની કિરણ બનીને ઉભરી આવે છે. અહીં શિક્ષણે માત્ર બાળકોને નહીં, પરંતુ ગામને નવી ઓળખ આપી છે. પ્રતાપભાઈ પટેલ અને પ્રવીણભાઈ પટેલ દ્વારા કરાયેલ આ નિષ્કામ સખાવત બદલ સમગ્ર પીપળી ગામ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. આ દાનને ગામ માત્ર શાળા તરીકે નહીં, પરંતુ પોતાના બદલાતા ભવિષ્યના પ્રતીક તરીકે જોઈ રહ્યું છે.

પીપળી ટાઉન ટોક

-: પીપળી ગામનો પરિચય :-

ગામના કુંટુંબોની કુલ સંખ્યા	757
કુલ વસ્તી	3830
કુલ પુરૂષો	1938
કુલ સ્ત્રીઓ	1892

-: સાક્ષરતા દર :-

કુલ સાક્ષરતા દર	78.13
પુરૂષ સાક્ષરતા દર	85.25
સ્ત્રી સાક્ષરતા દર	70.73

-: ખેડૂતો :-

ખેડૂતો	398
ખેત મજૂર	301
સીમાંત વર્ગ	898

-: બીપીએલ :-

બીપીએલ કુટુંબ (0 થી 16)	264
બીપીએલ કુટુંબ (17 થી 20)	345

-: પશુધન :-

પશુધન	1242
ગાય	312
ભેંસ	797
અન્ય	133

-: જમીન ક્ષેત્રફળ :-

311 હેક્ટર 67 આરે 33 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 02 હેક્ટર 04 આરે 58 ચો.મી.

-: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

-: શૈક્ષણિક સગવડ :-

પ્રાથમિક શાળા	01
માધ્યમિક શાળા	00
ઉચ્ચ.માધ્ય. શાળા	00
વિદ્યાર્થીઓ	321

-: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા	928

-: વીજળીકરણ :-

રહેણાંક વીજ જોડાણ	707
ઔદ્યોગિક વિષયક જોડાણ	30
ખેતી વિષયક જોડાણ	45

-: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો	160

-: સામાજિક સુરક્ષાની વિગતો :-

NFSA કાર્ડ ધારકો	356
BPL કાર્ડ ધારકો	227
અંત્યોદય કાર્ડ ધારકો	59

-: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

-: યોજનાકીય લાભાર્થીઓ :-

વૃદ્ધા પેન્શન	32
વિધવા સહાય	41
આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિઓ	03